# વિશ્વમાં સિક્સ-જી સર્વિસ પેટન્ટમાં ભારતની નજર ૧૦ ટકા ભાગીદારી પરઃ સિંધિયા

નવી દિલ્હીઃ કેન્દ્રીય દૂરસંચાર પ્રધાન જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ બુધવારે જણાવ્યું હતું કે સૌથી ઝડપી ૫જી સેવા લાવ્યા બાદ ભારત છઠ્ઠી પેઢીની મોબાઇલ સેવાઓમાં વિશ્વભરમાં થયેલા પેટન્ટમાં ૧૦ ટકા હિસ્સો હાંસલ કરવાનું લક્ષ્ય ધરાવે છે. તેઓ અહીં એઆઇએમએ નેશનલ મેનેજમેન્ટ કોન્ફરન્સની ૫૧મી એડિશનમાં લોકોને સંબોધિત કરી રહ્યા હતા.

સિંધિયાએ કહ્યું હતું કે જ્યાં આપણી પાસે દુનિયામાં સૌથી ઝડપથી વિકસતું ૫જી નેટવર્ક છે. ૨૨ મહિનામાં ૪.૫ લાખ ૪જી ટાવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. બીએસએનએલ માટે પોતાની ૪જી ટેક્નોલોજીનું નિર્માણ કરવામાં આવ્યું છે. અમે ભારત '૬જી અલાયન્સ'ને સ્થાપિત કરીને ૬જી તરફ આગળ વધી રહ્યા છીએ.

તેમણે કહ્યું હતું કે ''અમારો ઉદ્દેશ્ય આગામી દિવસોમાં આ 'ભારત ૬જી અલાયન્સ'ના માધ્યમથી ૬જીમાં ભારત માટે ૧૦ ટકા આંતરરાષ્ટ્રીય પેટન્ટ સુનિશ્ચિત કરવાનો છે. મંત્રીએ કહ્યું કે વૈશ્વિક આર્થિક અને સામાજિક ઊથલપાથલ વચ્ચે ભારત આશા અને સ્થિરતાના કિરણ તરીકે ઊભરી આવ્યું છે.

તેમણે કહ્યું હતું કે તે (ભારત) આજે વિશ્વ મંચ પર ઊભરી રહ્યું છે. ''તે હવે સંઘર્ષ કરતી અર્થવ્યવસ્થાનું પ્રતીક નથી, પરંતુ વિકાસશીલ અર્થતંત્રનું પ્રતીક છે.'' સિંધિયાએ કહ્યું કે આ હકીકત એ વાતનો પુરાવો છે કે ભારત આજે વિશ્વમાં મોબાઈલ ફોનનો બીજો સૌથી મોટો ઉત્પાદક છે. ભારતે પોતાના અસ્તિત્વમાં પ્રથમ વખત પોતાનું ૪જી ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવ્યું છે, જે આવતા વર્ષના મધ્ય સુધીમાં સ્થાપિત કરી દેવામાં આવશે.

સિંધિયાએ કહ્યું કે માત્ર ટેક્નોલોજીનો અમલ કરવો જ મહત્ત્વપૂર્ણ નથી. પ્રથમ લક્ષ્ય પરિપૂર્ણતા સુનિશ્ચિત કરવાનો છે. આપણા દેશના તમામ હિસ્સાને ડિજિટલ ટેક્નોલોજીથી જોડવાનો છે. દરેક વ્યક્તિએ ડિજિટલ ક્રાંતિ દ્વારા દરેક તકનો લાભ લેવા સક્ષમ હોવા જોઈએ.

સિંધિયાએ કહ્યું કે ભારતે દેશભરમાં લગભગ સાડા ચાર લાખ ટાવર લગાવ્યા છે. સરકારે લગભગ ૨૦,૦૦૦ વધુ ટાવર સ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે અને આ પહેલ માટે ૪૪,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

તેમણે કહ્યું, ''નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના મધ્ય સુધીમાં આપણે આપણા દેશમાં ૧૦૦ ટકા પૂર્ણ થવાનો લક્ષ્યાંક હાંસલ કરીશું.'' ''ત્રીજું ધ્યેય એ સુનિશ્ચિત કરવાનું છે કે ભારત પાસે ભવિષ્ય-લક્ષી ટેક્નોલોજી છે.

આપણા માટે નવી ટેક્નોલોજી અપનાવવી મહત્ત્વપૂર્ણ છે, પરંતુ નવી ટેક્નોલોજી ઉત્પન્ન કરવા માટે આપણી ક્ષમતાઓનો ઉપયોગ કરવો પણ અમારા માટે મહત્વપૂર્ણ છે.'' સિંધિયાએ પોસ્ટઓફિસ એક્ટ અને નવા ટેલિકોમ એક્ટ વિશે પણ વાત કરી અને પરિવર્તનશીલ ફેરફારોનું વચન આપ્યું હતું.

# વડા પ્રધાન મોદી એક સાથે ૧૦ નવી વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવશેઃ અનેક રાજ્યોને જોડાશે

નવી દિલ્હીઃ મોદી સરકાર આધુનિક વંદે ભારત એક્સપ્રેસથી દેશના મહત્ત્વનાં શહેરોને જોડવાની યોજના સતત આગળ વધારી રહી છે. લોકો પણ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની આરામદાયક અને સુવિધાપૂર્ણ મુસાફરી કરવાનું પસંદ કરી રહ્યા છે, જેને કારણે રેલવે મંત્રાલય વંદે ભારત ટ્રેન સંખ્યામાં સતત વધારો કરી રહ્યું છે.

એવામાં સરકાર ૧૦ નવી વંદે ભારત ટ્રેનો વડે દેશના ઘણાં શહેરોને જોડવાની તૈયારીઓ કરી રહ્યું છે. ૧૫ સપ્ટેમ્બરના રોજ વડા પ્રધાન મોદી આ ટ્રેનોને લીલી ઝંડી બતાવે તેવી શક્યતા છે.

હાલમાં દેશમાં ૫૫ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન કાર્યરત છે, જે પૂર્વોત્તર રાજ્યો સિવાય લગભગ રાજ્યોને જોડે છે. આમાંની ઘણી ટ્રેનોનો ઓક્યુપન્સી રેટ ૧૦૦ ટકા નોંધાઈ રહ્યો છે. માગ વધવાની સાથે નવા રૂટ પર ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. રેલવે મંત્રાલયે ૧૦ મુખ્ય રૂટ પર વંદે ભારત ચલાવવા માટે તૈયારી પૂરી કરી લીધી છે.

એક અહેવાલ મુજબ દેવઘરથી વારાણસી, ટાટા નગરથી પટના, ટાટાનગરથી બહાવલપુર, ભાગલપુરથી હાવડા, આગ્રાથી વારાણસી સહિત દક્ષિણ ભારતનાં ઘણાં શહેરો વચ્ચેના રૂટ પર વંદે ભારત દોડાવવામાં આવે છે.

રેલવે મંત્રાલયે ઉદ્ઘાટન માટે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. માત્ર વડા પ્રધાન કાર્યાલયની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

નવી વંદે ભારત ટ્રેનો ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિશા, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, તેલંગણા, બેંગલૂરુ અને કર્ણાટકને જોડાશે.

વંદે ભારત સ્લીપર અને વંદે મેટ્રો પણ ટૂંક સમયમાં શરૂ થશેઃ

વર્તમાન વંદે ભારત એક્સપ્રેસ સિવાય, વંદે ભારતની બે નવી શ્રેણીઓ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. વંદે ભારત સ્લીપર અને વંદે ભારત મેટ્રો લોકો માટે ટૂંક સમયમાં ચાલુ થાય એવી આશા છે. બંને ટ્રેનોની ઇન્ટિરિયર ડિઝાઈન હાલની ટ્રેનોથી તદ્દન અલગ હશે. બંને ટ્રેનોની ટ્રાયલ શરૂ થઈ ગઈ છે. દિવાળી સુધીમાં તેમનું ઉદ્ઘાટન થાય તેવી શક્યતા છે.

# શિમલા મસ્જિદ વિવાદઃ દેખાવકારોનું પોલીસ સાથે ઘર્ષણ, બેરિકેડ તોડ્યાં

શિમલાઃ શિમલાના સંજૌલી વિસ્તારમાં એક મસ્જિદના ગેરકાયદેસર ભાગને તોડી પાડવાની માગ કરી રહેલા દેખાવકારોએ વિરોધ દરમિયાન પોલીસ બેરિકેડ તોડી નાખતા સુરક્ષા દળો દ્વારા લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો.

'જય શ્રીરામ' અને 'હિંદુ એકતા ઝિંદાબાદ'ના નારા લગાવતા સેંકડો વિરોધીઓ સબ્જી મંડી ઢલ્લી ખાતે એકઠા થયા હતા. પ્રદર્શનકારીઓએ પ્રતિબંધિત આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને તથા વિરોધ દર્શાવવા માટે વહીવટીતંત્રની ચેતવણીઓને અવગણીને સંજૌલી તરફ કૂચ કરી અને ઢલ્લી ટનલ પાસે મૂકવામાં આવેલા બેરિકેડ્સ તોડી નાખ્યા હતા. કેટલાંક હિંદુ જૂથોના આહ્વાન પર એકઠા થયેલા વિરોધીઓએ જ્યારે સંજૌલીમાં પ્રવેશ કર્યો અને મસ્જિદ પાસે બીજા બેરિકેડ તોડી નાખ્યા તો પોલીસે તેમને વિખેરવા માટે લાઠીચાર્જ કર્યો અને પાણીનો મારો ચલાવ્યો હતો.

પોલીસે હિંદુ જાગરણ મંચના સચિવ કમલ ગૌતમ સહિત કેટલાક પ્રદર્શનકારીઓની અટકાયત કરી હતી અને મસ્જિદ પાસે ફરીથી બેરિકેડ મૂક્યા હતા. પરંતુ વિરોધીઓએ ત્યાંથી જવાનો ઇનકાર કર્યો અને વહીવટીતંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું હતું. આ વિરોધમાં ઘણી મહિલાઓ પણ જોડાઇ હતી અને બેરિકેડ તોડતા પહેલા ઢલ્લીમાં હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા. ડીજીપી અતુલ વર્મા સહિત વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે હાજર હતા.

વિરોધ પ્રદર્શનના નેતાઓમાંના એક વિજય શર્માએ કહ્યું કે પોલીસ કાર્યવાહીના લીધે વિસ્તારમાં અશાંતિનો માહોલ છે. આ કેસ ૧૪ વર્ષથી પેન્ડિંગ છે અને કોર્ટમાં આગામી સુનાવણી ૫ ઓક્ટોબરે થશે. તેમણે કહ્યું કે અમારી માગ છે કે જ્યાં સુધી સુનાવણી પૂરી ન થાય ત્યાં સુધી માળખું સીલ કરવામાં આવે. તેમજ રાજ્યમાં આવતા તમામ બહારના લોકોની નોંધણી કરવામાં આવે અને વેન્ડર પૉલિસી વસ્તીના આધારે બનાવવામાં આવે અને ૯૫ ટકા લાઇસન્સ હિંદુઓને આપવામાં આવે.

પ્રદર્શનકારીઓએ આરોપ લગાવ્યો છે કે સરકારે તેમને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી આપી નહીં અને હવે તેમની ધરપકડ કરવામાં આવી રહી છે. તેઓએ એવો પણ દાવો કર્યો કે પોલીસ કાર્યવાહીમાં કેટલાક દેખાવકારોને ઇજાઓ પહોંચી છે. તેમજ પ્રદર્શનકારીઓ સાથે ઝપાઝપીમાં એક મહિલા પોલીસકર્મી ઘાયલ થયાં હતાં.

# શિમલામાં તંગદિલી





બુધવારે શિમલામાં તંગદિલી ફેલાઈ હતી. હિન્દુ સંગઠનોએ શિમલાની સંજૌલી વિસ્તારમાં એક મસ્જિદની અંદરના ગેરકાયદે સ્ટ્રક્ચરને તોડી નાખવાની માગણીના સમર્થનમાં બંધની હાકલ કરી હતી. દેખાવકારોની સુરક્ષા ચોકિયાતો સાથે અથડામણ થઈ હતી. તંગદિલી વધતાં પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવામાં આવ્યા હતા. સુરક્ષા દળોએ સંજૌલી વિસ્તારમાં પેટ્રોલિંગ શરૂ કર્યું હતું. (પીટીઆઈ)

# આંધ્ર પ્રદેશમાં ટ્રક પલટી જતાં ૭નાં મોત

પૂર્વ ગોદાવરીઃ આંધ્ર પ્રદેશના પૂર્વ ગોદાવરી જિલ્લામાં બુધવારે એક મિની ટ્રક પલટી જતાં સાત લોકોનાં મોત થયા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

આ ભીષણ અકસ્માત પૂર્વ ગોદાવરી જિલ્લાના દેવરાપલ્લી મંડલના ચિન્નાઇગુડેમના ચિલાકા પકાલા વિસ્તારમાં સર્જાયો હતો. પૂર્વ ગોદાવરી જિલ્લા પોલીસ અધિક્ષક નરસિંહા કિશોરના જણાવ્યા અનુસાર દુર્ઘટનામાં સાત લોકોનાં મોત થયા હતા. જ્યારે એક વ્યક્તિ બચી ગયો હતો. તેને સારું છે અને તે બોલવાને સક્ષમ છે. કાજુથી ભરેલી મિની ટ્રક ટી નરસાપુરમ મંડલના બોરરામપાલેમથી નિદાદાવોલુ મંડલના તાડીમલ્લા તરફ જઇ રહી હતી ત્યારે ડ્રાઇવરે કાબૂ ગુમાવ્યો અને ટ્રક પલટી ગઇ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર કાજુની બોરીઓ નીચે ફસાઇ જવાથી મૃતકોને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી. સ્થાનિક લોકો અને પોલીસે બોરીઓ નીચેથી મૃતદેહોને બહાર કાઢ્યા હતા. બાદમાં પોસ્ટમોર્ટમ માટે કોવુર સરકારી હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.

# મણિપુરમાં હિંસાને પગલે પરીક્ષા મોકૂફ

ઇમ્ફાલઃ મણિપુરમાં હિંસાને પગલે મણિપુર યુનિવર્સિટીએ અન્ડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટની બધી પરીક્ષા મુલતવી રાખવાની જાહેરાત કરી હતી.

દરમિયાન, મણિપુરના રાજ્યપાલ લક્ષ્મણપ્રસાદ આચાર્ય બુધવારે ઇમ્ફાલથી ગુવાહાટી જવા માટે રવાના થયા હતા.

રાજ્યમાં મંગળવારની હિંસામાં ૫૫થી વધુ વિદ્યાર્થી અને સુરક્ષા દળના જવાનો ઘાયલ થયા હતા.

રાજ્ય સરકારે ઇન્ટરનેટ સેવા પાંચ દિવસ બંધ કરવાનો મંગળવારે આદેશ આપ્યો હતો. રાજ્યમાં વિદ્યાર્થીઓના આંદોલનને કારણે હિંસા ફેલાઇ છે. સ્કૂલ અને કૉલેજ ગુરુવાર સુધી બંધ રહેશે. દરમિયાન, કેન્દ્રે હિંસાગ્રસ્ત મણિપુરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા માટે કેન્દ્રીય અનામત પોલીસ દળના અંદાજે ૨,૦૦૦ જવાનને મણિપુર ખાતે મોકલ્યા હતા.

સોશિયલ મીડિયા પર હિંસાને લગતા સમાચાર, તસવીરો, વીડિયો ન ફેલાય, તે હેતુસર રાજ્યમાં ઇન્ટરનેટ સેવા પાંચ દિવસ બંધ રાખવાનો હુકમ કરાયો હતો.

રાજ્યના ગૃહ વિભાગના જાહેરનામામાં જણાવાયું હતું કે મણિપુરમાં ૧૫ સપ્ટેમ્બરના ત્રણ વાગ્યા સુધી લીઝ લાઇન્સ, વીએસએટી, બ્રોડબેન્ડ્સ અને વીપીએન સર્વિસીસ સહિતની ઇન્ટરનેટ અને મોબાઇલ ડેટા સર્વિસ બંધ રહેશે.

સલામતી દળોએ ડીજીપી અને રાજ્યના સલામતી સલાહકારને હોદ્દા પરથી દૂર કરવાની માગણી માટે દબાણ કરવા રાજભવન તરફ કૂચ કરી રહેલા વિદ્યાર્થીઓ અને મહિલા દેખાવકારોને વિખેરવા અશ્રુવાયુ છોડ્યો હતો.

મણિપુરમાં ગયા વર્ષના મેથી શરૂ થયેલી હિંસામાં ૨૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા.

અગાઉ, આસામ રાઇફલ્સની બે બટાલિયન રાજ્યમાંથી પાછી ખેંચાઇ હતી અને તેઓને જમ્મુ - કાશ્મીર તેમ જ ઇશાનના અન્ય રાજ્યમાં ફરજ પર મોકલાયા હતા. (એજન્સી)

# ઉત્તર પ્રદેશમાં બે ઑર્કેસ્ટ્રા ડાન્સર પર સામૂહિક બળાત્કાર, ૮ની ધરપકડ

ગોરખપુરઃ ઉત્તર પ્રદેશના કુશીનગર જિલ્લામાં બંદૂકની અણી પર બે ઑર્કેસ્ટ્રા ડાન્સરનું અપહરણ કરી તેના પર સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ મામલે પોલીસે આઠ લોકોની ધરપકડ કરી છે. આરોપીઓએ પીડિતાઓને બળજબરીપૂર્વક તેમના વાહનોમાં બેસાડી અને એક ઘરમાં લઇ ગયા હતા. જ્યાં દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર સોમવારે રાત્રે રામકોલા પોલીસ સ્ટેશનની હદ હેઠળના વિસ્તારમાં ભોગ બનનારનું એક ઘરમાંથી બંદૂકની અણી પર અપહરણ કરવામાં આવ્યું હતું. કુશીનગરના પોલીસ અધિક્ષક સંતોષ કુમાર મિશ્રાએ જણાવ્યું કે ગુનેગારો બે એસયુવીમાં આવ્યા હતા અને સતત ગોળીબાર વચ્ચે યુવતીઓને કપ્તાનગંજ વિસ્તારમાં આરોપીઓમાંના એક અજીત સિંહના ઘરે લઇ ગયા હતા, જ્યાં સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. પોલીસે જણાવ્યું કે આરોપીઓની ઓળખ નાગેન્દ્ર યાદવ, અશ્વન સિંહ, કૃષ તિવારી, અર્થક સિંહ, અજીત સિંહ અને ડો. વિવેક સેઠ તરીકે થઇ છે. પોલીસે જણાવ્યું કે બે અન્ય આરોપીઓ નિસાર અંસારી અને આદિત્સ સાહનીની મંગળવારે સાંજે અથડામણ બાદ ધરપકડ કરવામાં આવી હતી.



**અભિષેકઃ** રાધાષ્ટમી નિમિત્તે બુધવારે મથુરાના શ્રીકૃષ્ણના જન્મસ્થાન મંદિરમાં દેવી રાધા પર દૂધ, દહીં, ઘી, સાકર અને મધ વડે અભિષેક કરવામાં આવ્યો હતો.

# મેઘાલય સરકારે ઓનલાઈન લોટરી શરૂ કરી

મણિપુરઃ દરેક વ્યક્તિને ટૂંક સમયમાં અમીર બનવાની લાલચ હોય છે. લોકો ઓનલાઇન સટ્ટાબાજીએપ વગેરેથી મોટી કમાણી પણ કરતા હોય છે. એમાં જો તમને ઘેર બેઠા કરોડપતિ બનવાનો મોકો મળે તો તો શું વાત છે! આવી જ કંઇક યોજના લઇને મેઘાલય સરકાર આવી છે. આપણે આ વિશે વિગતે જાણીએ.

મેઘાલય સરકારે ઓનલાઈન લોટરીની શરૂઆત કરી છે. મંગળવારે રાજ્ય સરકારે ઓનલાઇન લોટરી અંગે જાહેરાત કરી છે. આ ભારતની પ્રથમ સંપૂર્ણ ડિજિટલ લોટરી હશે. મેઘાલયના મુખ્ય પ્રધાન કોનરાડ સંગમાની હાજરીમાં આ જાહેરાત કરવામાં આવી હતી. આમાં તમે ૫૦ કરોડ રૂપિયા સુધીનું ઇનામ જીતી શકો છો.

આ પ્રસંગે નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં કોનરાડ સંગમાએ જણાવ્યું હતું કે, આજે ઘણા ભારતીયો ઓનલાઈન ગેમ્સ અને ગેરકાયદે સટ્ટાબાજી જેવી એપ્સમાં પોતાનો સમય બગાડે છે.' જોકે, લોટરી એ સંપૂર્ણપણે નસીબનો ખેલ છે. ભારતનું પ્રથમ સંપૂર્ણ ડિજિટલ લોટરી પ્લેટફોર્મ લોન્ચ કરવાનો મને આનંદ છે. સમાજના લાભાર્થે આ પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું છે. અમે લોટરી ક્ષેત્રને એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ટચ આપીને વધુ પારદર્શિતા અને વ્યવસાયિકતા લાવવા માટેનો પ્રયાસ કર્યો છે.

સામાન્ય રીતે કોઈપણ દુકાન, બજાર, બસ સ્ટેન્ડ, પોસ્ટ ઑફિસ, સર્વિસ સેન્ટરમાં લોટરી ખરીદી શકાય છે. જેની કિંમત ૧૦૦ રૂપિયા કે તેથી વધુ હોઈ શકે છે. પરંતુ મેઘાલય સરકારે તેને ઓનલાઈન શરુ કરવાનો નિર્ણય લીધો છે. આમાં તમે ડિજિટલ લોટરી પ્લેટફોર્મ પર જઈને અરજી કરી શકો છો અને લોટરી ખરીદી શકો છો. ભારતમાં સરકાર દ્વારા કેટલીક જગ્યાએ લોટરી ચલાવવામાં આવે છે. આમાં તમે ૫-૧૦-૧૦૦ રૂપિયાના ભાવની લોટરીની ટિકિટ ખરીદી શકો છો. તેના પર એક ખાસ નંબર લખેલો હોય છે. લોટરીના ડ્રોના દિવસે જો તમારો નંબર જાહેર કરવામાં આવેલા નંબરોની સૂચિમાં આવ્યો હોય તો તમને એ મુજબ ઇનામ મળે છે. ભારતમાં સત્તાવાર રીતે લોટરી શરૂ કરનાર કેરળ પ્રથમ રાજ્ય હતું. કેરળ રાજ્ય સરકારે ૧૯૬૭થી લોટરી શરૂ કરી છે.

# હવે કેનેડાના સ્ટુડન્ટ વિઝા મેળવવા સરળ નહીં રહે

નવી દિલ્હીઃ છેલ્લાં ઘણા વર્ષોથી વધુ ભારતીય યુવાનો ઉચ્ચ અભ્યાસ માટે કેનેડા જઈ રહ્યા છે, દર વર્ષે આ ટ્રેન્ડમાં વધારો જોવામાં મળી રહ્યો છે. હવે કેનેડા સરકાર સ્ટુડન્ટ વિઝા માટેના નિયમો પણ કડક બનાવ્યા છે, જેથી ઉચ્ચ અભ્યાસ માટે કેનેડા જવાની તૈયારીઓ કરી રહેલા વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ વિઝા મેળવવામાં મુશ્કેલી પડી શકે છે. એક અહેવાલ મુજબ પાછલાં વર્ષોની સરખામણીએ કેનેડા સરકાર આ વર્ષે ઘણા ઓછા સ્ટુડન્ટ વિઝા ઈશ્યુ કરવા પર વિચાર કરી રહી છે. આ સંજોગોમાં ભારતીય વિદ્યાર્થીઓ માટે કેનેડા અભ્યાસ કરવા જવું પહેલા કરતાં વધુ મુશ્કેલ બની શકે છે.

કેનેડા સ્ટુડન્ટ વિઝામાં લગભગ ૫૦ ટકાનો ઘટાડો કરી શકે છે. એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે કેનેડા આવતા વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યાને મર્યાદિત કરીને સંખ્યા વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં જેટલી કરવા ઈચ્છે છે.

નોંધનીય છે કે આ વર્ષની શરૂઆતમાં પણ કેનેડાએ ભારતને આપવામાં આવતા સ્ટુડન્ટ વિઝાની સંખ્યા અડધી કરી નાખી હતી. હવે એમાં પણ ઘટાડો કરવામાં આવી શકે છે.

અહેવાલમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૩માં કેનેડાએ ઇન્ટરનેશનલ સ્ટૂડન્ટ્સ માટે ૪,૩૬,૦૦૦ વિઝા પરમિટ આપી હતી, પરંતુ વર્ષ ૨૦૨૪ના અંત સુધીમાં આ સંખ્યા ૨,૩૧,૦૦૦ સુધી રહેવાની ધારણા છે.

આ દર્શાવે છે કે ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે વૈશ્વિક વિઝા અરજીઓની પરમિશનમાં ૩૯ ટકાનો ઘટાડો થઈ શકે છે.

અહેવાલ મુજબ દર વર્ષે ભારતમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે કેનેડા જાય છે. વર્ષ ૨૦૨૨ની વાત કરીએ તો કેનેડા આવતા ૫.૫ લાખ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાંથી ૨.૨૬ લાખ વિદ્યાર્થીઓ ભારતના હતા. એટલું જ નહીં, ૩.૨ લાખ ભારતીયો સ્ટુડન્ટ વિઝા પર કેનેડામાં રહે છે, જેઓ ત્યાંની અર્થવ્યવસ્થામાં મોટો ફાળો આપે છે.

# પાકિસ્તાનના ગોળીબારમાં ભારતીય જવાન ઘાયલ

જમ્મુ : પાકિસ્તાને બુધવારે યુદ્ધવિરામ કરારનો ભંગ કરીને ભારતીય પોસ્ટ પર બિનઉશ્કેરણીજનક ગોળીબાર કરતાં બોર્ડર સિક્યોરિટી ફોર્સ(બીએસએફ)નો એક જવાન ઘાયલ થયો હતો, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. અધિકારીએ કહ્યું હતું કે આના જવાબમાં બીએસએફના જવાનોએ પણ વળતો ગોળીબાર કર્યો હતો.

સરહદ પર રક્ષણ કરતાં દળના પ્રવક્તાએ માહિતી આપી હતી કે મોડી રાત્રે ૨-૩૫ કલાકે સરહદ પર અખનૂર વિસ્તારમાં પાકિસ્તાને કોઈ પણ ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો હતો અને બીએસએફએ એનો જડબાતોડ જવાબ આપ્યો હતો. બીએસએફના એક જવાનને પાકિસ્તાનના ગોળીબારમાં ઈજા થઈ હતી. બીએસએફનાં દળો અતિશય સાબદાં છે અને આંતરરાષ્ટ્રીય સરહદે તેમ જ અંકુશરેખા પર ચાંપતી નજર રાખે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૫ ફેબ્રુઆરી,૨૦૨૧એ યુદ્ધવિરામનો કરાર થયો ત્યાર બાદ બે દેશો વચ્ચે કરારનું ઉલ્લંઘન વિરલ છે. ગયા વર્ષે રામગઢ સેક્ટરમાં પાકિસ્તાન રેન્જર્સના ગોળીભારમાં બીએસએફના જવાન શહીદ થયો હતો. છેલ્લાં ત્રણ વર્ષથી વધારે સમયમાં આ ભારતીય બાજુએ થયેલી પહેલી જાનહાનિ છે.



**સંયુક્ત કવાયતઃ** ભારતીય નૌકાદળનું પી૮૧ વિમાન બહુરાષ્ટ્રીય કવાયત 'એક્સરસાઇઝ કાકાડુ ૨૦૨૪'માં ભાગ લેવા કમાન્ડિંગ ઓફિસર કૅપ્ટન અજય કનવરની આગેવાની હેઠળ ઓસ્ટ્રેલિયાના ડર્વિનમાં પહોંચ્યું હતું. આ કવાયત ૨૦ સપ્ટેમ્બર સુધી ચાલવાની છે. (પીટીઆઈ)

# સંકેત બાવનકુળેએ ગૌમાંસ નહોતું ખાધું

## એવી સ્પષ્ટતા પોલીસ દ્વારા કરાઈ છે

નાગપુરઃ મહારાષ્ટ્ર ભાજપના પ્રમુખ ચંદ્રશેખર બાવનકુળેના પુત્ર સંકેત તેની લકઝરી કાર નાગપુરમાં અનેક વાહનો સાથે અથડાયા બાદ ચર્ચામાં આવ્યો છે ત્યારે આ અકસ્માત પહેલા તેણે બારમાં ગૌમાંસનું સેવન કર્યું નહોતું, પણ તેણે મટન-ચિકનની વાનગીઓ ખાવાની સાથે દારૂ પણ પીધો હતો, એમ પોલીસે બુધવારે જણાવ્યું હતું.

શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે આક્ષેપ કર્યો હતો કે સંકેત બાવનકુળેએ અકસ્માત પહેલા બારમાં ગૌમાંસ ખાધુ હતું તેને ધ્યાનમાં લઇને પોલીસે ઉક્ત નિવેદન આપ્યું હતું કે સંકેતે ગૌમાંસનું સેવન કર્યું નહોતું.

સોમવારે વહેલી સવારે સંકેતની કારે અનેક વાહનોને ટક્કર મારી હતી જેમાં બે વ્યક્તિ ઘાયલ થઇ હતી. સંકેત કારમાં હતો, પણ તે કાર ચલાવી રહ્યો નહોતો, એમ પોલીસે અગાઉ જણાવ્યું હતું. કાર ચલાવનાર અર્જુન હાવરેની સોમવારે રાતે ધરપકડ કરવામાં આવી હતી અને ત્યાર બાદ તેનો જામીન પર છુટકારો થયો હતો. સંકેત અને તેના મિત્રોએ ગૌમાંસનું

(જુઓ પાનું ૪) ▶▶














